# સ્કુલમાં તમારી નોકરી અને સમયનો ઉપયોગ પ્રભુની સેવા માટે કરો.


*આકુલા અને પ્રિસ્કીલા, તેમજ પ્રરિત પાઉલ પોતાના*
*ભરણપોષણ માટે પોતાને હાથે મહેનત કરતાં હતા.*

**પ્રાર્થના :** પ્રેમી પ્રભુ ખ્રિસ્તના સેવકો પાસે બે નોકરી કેમ હોય છે તે સમજવામાં બાળકોની સહાય કરો. મોટાભાગના સેવકો પોતાના નિર્વાહ માટે કામ કરે છે અને સાથે સાથે પાળક અને સુવાર્તિક તરીકે પણ કામ કરે છે.

આમાંથી ગમે તે બાળ પ્રવૃત્તિ પસંદ કરો.

પ્રે.૧૮:૧-૧૧ માંથી તંબૂવણનારની વાર્તા કોઈ બાળક અથવા શિક્ષક વાંચી જાય આ વાર્તા બતાવે છે કે કોરીંથ શહેરમાં મંડળી શરુ કરવા માટે પ્રભુએ આકુલા, પ્રિસ્કીલા અને પાઉલની કામ કરવાની આવડતોનો ઉપયોગ કર્યા હતો

જો શકય હોય તો બાળકોને નીચે દર્શાવેલ ચિત્રની નકલ કરવા દો અથવા રંગ પૂરવા દો.



વાર્તા સમજાવ્યા પછી આ પ્રશ્નો પૂછો.

- પાઉલને કોરંથીમાં રહેવા માટેનુ સ્થાન કયાં મળ્યુ ?(જવાબ,કલમ-૩)
- પાઉલ કોરીથમાં પોતાના નિભાવ માટે શું કરતો હતો ? (૩)
- યહુદીઓએ પાઉલને સાંભળવાની ના પાડી ત્યારે પાઉલે શું કર્યુ ? (૬)
- કોરીથમાં પાઉલના શિક્ષણનું પરિણામ શું આવ્યુ ?(૮)
- પાઉલને કેવી રીતે ખબર પડી કે દેવ તેની સેવાને આશિર્વાદ આપતો હતો ? (૯-૧૦)

**વાર્તાના ભાગોનું નાટક બનાવો**

નાટક તૈયાર કરવા માટે બાળકો સાથે તૈયારી કરો. બને તેટલુ સંક્ષિપ્ત કરો.

મોટા બાળકો કે સભાજન આ પાત્રો ભજવે-

**ઉદ્‌ઘોષક :** તે વાર્તાનુ સંક્ષેપિકરણ કરે અને બાળકોને સંવાદો શીખવે

**પ્રિસ્કીલા અને આકુલા :** તેઓ પોતાની પાસે કાપડ અને દોરો રાખે. (સીવતા હોય તેવો અભિનય કરે)

**પાઉલ**

નાના બાળકો આ પાત્રો ભજવે-

**યહુદીઓ**
**ક્રિસ્પસસ**
**વિદેશીઓ**

**નાટક, ભાગ - ૧, પ્રે.૧૮ : ૧-૪**

**ઉદ્‌ઘોષક** : વાર્તાનો પ્રથમ ભાગ કહે (કલમ ૧-૪) પછી કહે,

**આકુલા** : "ભાઈ આકુલા તે પાઉલને કેટલુંક કાપડ આપે અને બોલે પાઉલ, કૃપા કરીને આવીને અમારી સાથે રહો. અમારી સાથે કામ કરો. આ તંબૂઓ વણવાનું કામ આપણે કરીએ"

**પ્રિસ્કીલા** : હા તમે અમારી સાથે રહીને અમને પ્રભુનું વચન શિખવો માટે તમે જરૂરી પૈસા કમાઈ શકો તે માટે અમે તમને મદદરુપ થઈશું

**પાઉલ** : મારા નિર્વાહ માટે મદદરુપ થવા બદલ આભાર આ કાર્ય કરતા દેવ મને સેવા માટે જયાં મોકલે ત્યાં જવાની મને મોકળાશ મળશે હું દર શનિવારે સભાશથાનમાં જઈને શિક્ષણ આપીશ

**નાટક, ભાગ -૨, પ્રે.૧૮: ૫-૧૧**

**ઉદ્‌ઘોષક** : તે વાર્તાનો બીજો ભાગ કહે (કલમ ૫-૧૧) પછી બોલે યહુદીઓ શું કહે છે તે સાંભળો

**યહુદીઓ** : (બૂમો પાડે) પાઉલ, અમે તારું નહિ સાંભળીએ જતો રહે

**પાઉલ** : (પોતાના કપડા પરની ધૂળ ખંખેરે)પછી બોલે તમારા વિષે હવે હું જવાબદાર નથી હવે હું વિદેશીઓ પાસે જઈશ તેઓ ઈસુ વિષે સાભળવા માંગે છે

**ક્રિસ્પસ** : ભાઈ પાઉલ ,હવે આપ સભાસ્થાનમાં કદી શિક્ષણ નહી આપી શકો માટે બાજુમાં જ મારું ઘર છે ત્યાં હું વ્યવ્સ્થા કરુ છું

**વિદેશીઓ** : અમે વિદેશી(બિનયહુદી) લોકો ક્રિસપસના ઘરમાં પાઉલનો સંદેશો સાંભળી શકીશું.

**ક્રિસ્પસ** : ભાઇ પાઉલ તમારા સંદેશો મૈ સાભળ્યો છે હું યહુદી સિનેગોગનો અધિકારી છું પણ હવે હુ ખ્રિસ્તની પાછળ ચાલવા માંગુ છું મને અને મારા કુટુંબને બાપ્તિસ્મા આપવા હું વિનંતી કરું છું

**પાઉલ** : અહી કોરીથમાં રહેવા માટે તમે બધાએ મને જે સહાકાર આપ્યો છે તે માટે હું તમારો આભારી છું દેવપિતાએ મને હિમ્મત રાખવા જણાવ્યું છે કારણકે અહીં તે ઘણા લોકોને બચાવવા માંગે છે

**વિદેશીઓ** : ભાઈ પાઉલ, તમે અમને શિક્ષણ આપવા આવ્યા માટે આભારી છીએ તમારી આખી ટીમના સુંદર કાર્યને કારણે અમે બધા પ્રભુ ઈસુને આધિન થવા માંગીએ છીએ

**ઉદ્‌ઘોષક** : નાટક સમાપ્ત થાય છે તેથી જાહેરાત કરો અને બાળકો પ્રશ્નો પૂછો અને બાળકોનો આભાર માનો.

**જો બાળકો મોટાઓ સમક્ષ નાટક રજુ કરે તો** ઉપર ભાગ-૧ ના પ્રશ્નો પણ તેમને પૂછવા દો તેઓ પોતાના મિત્રો બનાવી શકે તેમનુ મુખપાઠ કાર્ય રજુ કરી શકે.

સભાના આગેવાનની બાળકો માટે નીચે બાબતે **મંજૂરી લો**


- તેઓ પોતાનું નાટક સભાજનો સમક્ષ રજુ કરી શકે
- તેઓએ તૈયાર કરેલ ગીત વિ. રજુ કરી શકે,

બાળકોને **પૂછો** તંબૂ વણવા સિવાય બીજા કયા વ્યવસાયો કરીને વિશ્વાસી ઓ પોતાના નિર્વાહ સાથેસાથ પ્રભુના વચનનુ કાર્ય કરી શકે (બાળકો ઉદાહરણો)

**એક તબુંનું ચિત્ર દોરો**

- બાળકોને તેની નકલ કરવાનું કહો
- મોટા બાળકો નાનાઓની મદદ કરે ચિત્ર રજૂ કરે.
- બીજી ભક્તિસભામાં તેઓ તે વિષે રજૂ કરે.

- તેઓ સભાજનોને સમજવે કે આપણે આપણી વ્યવસાયલક્ષી શકિતઓ મદદમાં લઈ પ્રભુનું કાર્ય કરવુ જોઈએ પાઉલ, આકુલા અને પ્રિસ્કીલાએ આપણને તે નમૂનો આપ્યો છે.



બાળકોને શિખવો કે ખ્રિસ્તી કાર્યકરોએ બીજાઓ મધ્યે સેવા અને પ્રભુનું કામ કરતા પોતાનું પોષણ પોતાના હાથોએ ઊભું કરવું જોઈએ બીજા જેઓ ખ્રિસ્તની સુવાર્તા બીજે લઈ જાય છે. તેમને પણ તેમણે ગમે તે રીતે મદદરુપ થવું જાઇએ.

૧ કોરંથી.૧૦:૩૧ **મુખપાઠ કરો.**

ચાર બાળકો પૈકી દરેક બાળક ૨ થેસ્સા.૩ :૭,૮,૯ અને ૧૦ એ કલમો એક એક મોઢે કરે.

મોટા બાળકો ગીત અથવા નાની વાર્તા લખે અથવા કોઈ ખ્રિસ્તી સુવાર્તિક પોતાના હાથે આજીવિકા ઊભી કરીને પ્રભુનું કામ કરતા હોય તેવી સાક્ષી જાણમાં હોય તો આપે.

**પ્રાર્થના :** વ્હાલા પ્રભુ તમે અમને દરેકને જુદી જુદી શકિતઓ આપેલી છે માટે આભારી છીએ એ શકિતઓનો અમે ઉપયોગ કરી શકીએ તેવી કૃપા આપો. આંનદથી અમે કામ કરીએ અને પાઉલ, આકુલા અને પ્રિસ્કીલાની માફક બીજાને મદદરુપ થઈએ તેવું થવા દો.

Copyright 2004 © by Paul -Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net